પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૬૭ | ૪ ડીસેમ્બર, ૨૦૨૦, શુક્રવાર; કારતક વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કૃષિ કાયદો રદ કરવા ખેડૂતો અડગ

**ખેડૂતો-સરકાર વચ્ચેની બેઠક હજુ અનિર્ણિત : ખેડૂતોને સમજાવવા પાંચમીએ ફરીવખત બેઠક યોજાશે : એમએસપીને નહીં સ્પર્શવાનું સરકારનું આશ્વાસન : કાયદો રદ કરવા સંસદનું ખાસ સત્ર બોલાવવાની માગ પર ખેડૂતો અડગ : ૮ દિવસથી ચાલતા આંદોલન ઉપર રાજકારણ ગરમાયું, પંજાબના મુખ્યમંત્રી કેન્દ્રીય ગૃહમંત્રીને મળ્યા**

નવી દિલ્હી, તા. ૩

ખેડૂત આંદોલન પર ખેડૂત નેતાઓ અને સરકારની વચ્ચે આઠ કલાક ચાલેલી બેઠક આજે પણ અનિર્ણિત રહી છે. જે સાથે ખેડૂતોને આંદોલન સમેટવા સમજાવવા માટે પાંચમી ડિસેમ્બરે ફરી બેઠક યોજાશે. એક બાજુ વાટાઘાટોનો દોર જારી છે ત્યારે તેના પર રાજકારણ તેજ થઈ ગયું છે. પંજાબના મુખ્યમંત્રીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી છે તો બીજી બાજુ રાજયના પૂર્વ મુખ્યમંત્રી પ્રકાશ






સિંહ બાદલે ખેડૂતોના સમર્થનમાં પદ્મ વિભૂષણ સમ્માન પરત કર્યું છે. ખેડૂતો કૃષિ કાયદાઓને રદ કરવાની માગ કરી રહ્યા છે. પંજાબ સહિત દેશના અનેક રાજ્યોમાં આ કાયદાનો વિરોધ થઈ રહ્યો છે. દિલ્હીના વિજ્ઞાન ભવનમાં ખેડૂત નેતાઓ અને સરકારની વચ્ચે બેઠકને સાત કલાકથી વધુનો સમય વિતી ગયો છે. ખેડૂત નેતાઓએ કેન્દ્ર સરકાર સાથેની બેઠકમાં સરકાર સંસદનું એક વિશેષ સત્ર બોલાવે અને નવા કૃષિ

● અનુસંધાન પાન-૭ પર

## અમેરિકામાં એક દિવસમાં ૨૯૫૭ લોકોનાં મૃત્યુ

વોશિંગ્ટન,તા.૩

વિશ્વમાં કોરોનાના દર્દીઓનો આંકડો ૬.૪૮ કરોડને પાર પહોંચી ગયો છે. ૪ કરોડ ૪૯ લાખથી વધુ લોકો સાજા થઈ ગયા છે. અત્યારસુધીમાં ૧૪ લાખ ૯૮ હજારથી વધુ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે. અમેરિકામાં એપ્રિલ પછી વધુ એક વખત એક દિવસમાં ૨૯૫૭ લોકોનાં મૃત્યુ થયાં છે.

# દેશને આવતા મહિને વેક્સિન મળી જશે

**ભારતમાં છ વેક્સિન પર કામ ચાલુ આમાંથી ઓક્સફોર્ડ-એસ્ટ્રાજેનેકા અને ભારત બાયોટેકની વેક્સિન ફેઝ-૩ ટ્રાયલમાં હોવાની એઆઈઆઈએમએસના ડાયરેક્ટર ડો. ગુલેરિયાની સ્પષ્ટતા**

નવીદિલ્હી

ડિસેમ્બરના અંત અથવા જાન્યુઆરીની શરૂઆતમાં કોરોના વેક્સિનને તાત્કાલિક ધોરણે પરવાનગી મળી શકે છે. દિલ્હી એમ્સના ડાયરેક્ટર ડૉ. રણદીપ ગુલેરિયાએ આ અંગે ખુલાસો કર્યો હતો.

ડૉ. ગુલેરિયાએ જણાવ્યું કે, અત્યારે ભારતમાં કેટલીક વેક્સિન અંતિમ તબક્કાની ટ્રાયલ્સમાં છે. આશા છે કે, ડિસેમ્બરના અંત અથવા જાન્યુઆરીની શરૂઆત સુધીમાં આમાંથી કોઈને ડ્રગ રેગ્યુલેટર પાસેથી ઈમરજન્સી પરવાનગી મળી જશે. તે બાદ વેકિસનેશન શરૂ થઈ શકશે. હાલ ભારતમાં છ વેક્સિન પર કામ ચાલી રહ્યું છે. આમાંથી ઓક્સફોર્ડ-એસ્ટ્રાજેનેકા અને ભારત બાયોટેકની વેક્સિન ફેઝ-૩ ટ્રાયલ્સમાં છે.

ઓક્સફોર્ડ-એસ્ટ્રાજેનેકાની વેક્સિન- કોવીશીલ્ડના ફેઝ-૩ના ક્લિનિકલ ટ્રાયલ્સના પરિણામો આંતરરાષ્ટ્રીય સ્તરે આવી ચૂક્યા છે. તેને ભારતમાં બનાવી રહેલ સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયા (એસઆઈઆઈ)ના સીઈઓ અદર પૂનાવાલાએ ગત સપ્તાહે કહ્યું હતું કે, ટૂંક સમયમાં ઈમરજન્સી યૂઝ માટે એપ્રુવલ લેવા માટે અરજી કરાશે.

ડૉ. ગુલેરિયાએ જણાવ્યું કે, અત્યાર સુધી જે ડેટા સામે

● અનુસંધાન પાન-૭ પર

## આયાત ડ્યૂટી ઘટાડવાનો અમેરિકાનો ઈન્કાર

વોશિંગ્ટન, તા. ૩

અમેરિકામાં પ્રમુખપદે ચૂંટાયેલા જો બિડેનથી ચીનને ઘણી આશાઓ હતી.જો બિડેન એ ચીનને ગાદી સંભાળતા પહેલાં જ જોરદાર ઝાટકો આપ્યો છે. જો બિડેને એવી સ્પષ્ટ કહી દીધું કે હું ચીનના માલ પરની આયાત ડ્યૂટી ઘટાડવાનો નથી. આમ અત્યારે તો ચીનની આશા પર પાણી ફરી વળ્યું છે.

## છેલ્લે... છેલ્લે...

- ગૃહમંત્રી અમિત શાહ અને પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દરસિંહા વચ્ચે ખેડૂત આંદોલન મુદ્દે મહત્વની બેઠક.
- મસાલા કીંગ એમડીએચ મસાલાના માલિક ધર્મપાલ ગુલાટીનું ૯૮ વર્ષની વયે અવસાન.
- પીઝાહટ્ટના કો ફાઉન્ડર ફેન્ક કાર્નીનું ન્યુમોનિયાથી ૮૨ વર્ષની વયે અવસાન.
- કોરોના વાયરસ નામની સાઉથ ઈન્ડિયન ફિલ્મ ૧૧મી ડિસેમ્બરે રીલીઝ કરાશે.
- કોંગ્રેસના નેતા અને સાંસદ શક્તિસિંહ ગોહિલને ફેફસામાં ઈન્ફેક્શન હજુ કોરિપલેશન હોવાનું તેમણે જણાવ્યુ.
- સિંધુ બોર્ડર પર પ્રદર્શન કરતા ખેડૂતોનો કોરોના ટેસ્ટ કરાશે.
- રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ૨૦ રૂ.નો નવો સિક્કો લોન્ચ કર્યો.
- ખેડૂત આંદોલનમાં જીવ ગુમાવનાર બંને ખેડૂતોને પંજાબ સરકાર પાંચ લાખનું વળતર આપશે.
- ઈઝરાયેલમાં સંસદ ભંગ કરાઈ અને બે વર્ષમાં ચોથીવાર ચૂંટણી યોજાશે.
- કોરોનાથી મૃત્યુ પામનાર પત્રકારોને પણ વોરીયર્સની શ્રેણીમાં ગણી લાભ આપવા પ્રેસ કાઉન્સીલની માંગણી.
- યોગી આદિત્યનાથે મુકેશ અંબાણી અને ગોતમ અદાણી સાથે ઉત્તરપ્રદેશમાં રોકાણ માટે ફોન પર વાતચીત કરી.
- આકાશવાણીના નિવૃત્ત અધિકારી અને ઉર્દુ ભાષાના નિષ્ણાત સાદિકનૂર પઠાણનું કોરોનાથી અવસાન.

# ગુજરાતમાં માસ્ક ન પહેરનારાને કોવિડ કેર સેન્ટરમાં સેવાની સજા પર સુપ્રીમની રોક

નવી દિલ્હી, તા. ૩

હાલમાં જ ગુજરાત હાઈકોર્ટે માસ્ક ન પહેરનારી વ્યક્તિને કોવિડ કોમ્યુનિટી સેન્ટરમાં સેવા આપવાની સજાનો આદેશ બહાર પાડવા રાજ્ય સરકારને નિર્દેશ કર્યો હતો. હાઈકોર્ટના માસ્ક અંગેના નિર્ણયનો મામલો હવે સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી ગયો છે. હાઈકોર્ટના આ નિર્દેશ સામે ગુજરાત સરકારે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી છે. ગુજરાતના સોલિસિટર જનરલે આ મામલાની સુનાવણી આજે જ કરવા માટેની સુપ્રીમ કોર્ટમાં

**સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારની ઈચ્છા શક્તિ પર સવાલ ઉઠાવ્યા**

વિનંતી કરી હતી. હવે સુપ્રીમ કોર્ટે સમાજ સેવાના આદેશ પર સ્ટે આપી દીધો છે. ગુજરાત હાઈકોર્ટના સમાજ સેવાના આદેશ પર સ્ટે આપતા સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી કે આ આદેશ અપ્રમાણસર છે અને તેનાથી સ્વાસ્થ્ય સંબંધી સમસ્યા થઈ શકે છે. જોકે સુપ્રીમ કોર્ટે નોંધ્યું કે માસ્ક પહેરવું ફરજિયાત છે અને આદેશનો ભંગ કરનારને નિયમ મુજબ સજા થવી જોઈએ. રાજયમાં દિવાળી બાદથી જ કોરોના વાયરસનું સંક્રમણ વધી રહ્યું છે. એવામાં માસ્ક પહેર્યા વિના ફરતા લોકોથી નારાજ ગુજરાત હાઈકોર્ટે તેમને કડક સજા કરવા સરકારને નિર્દેશ આપ્યો હતો. હાઈકોર્ટ ગુજરાત સરકારને આપેલા નિર્દેશ મુજબ માસ્ક વિના પકડાતા લોકોને કોવિડ કેર સેન્ટરમાં પથી ૧૫ દિવસ સુધી ફરજિયાત ૫-૬ કલાક સુધી સેવા આપવા માટે કહેવામાં આવે. ઉલ્લેખનીય છે કે દિવાળીના તહેવાર દરમિયાન રાજ્યમાં મોટી સંખ્યામાં લોકો બહાર નીકળ્યા હતા, જેમાં માર્કેટમાં પણ માસ્ક તથા સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોનું પાલન ન કરવાના દ્રશ્યો જોવા મળ્યા હતા. પરિણામે કોરોનાના કેસોમાં અચાનક ઉછાળો જોવા મળ્યો હતો. હાલની

● અનુસંધાન પાન-૭ પર

# રજનીકાંત ૩૧ ડિસેમ્બરે નવા પક્ષની જાહેરાત કરશે

**સાઉથના સિને સ્ટારે ટ્વીટ કરીને જાહેરાત કરી : આગામી વર્ષે તામિલનાડુમાં વિધાનસભાની ચૂંટણી છે ત્યારે રજનીના આ નિર્ણયથી રાજકીય વર્તુળોમાં હલચલ**



ચેન્નાઈ, તા. ૩

દક્ષિણ ભારતીય સિનેમાના સુપરસ્ટાર રજનીકાંતે આખરે પોતાની રાજકીય પાર્ટીને લઈ જાહેરાત કરી દીધી. ગુરૂવારના રોજ રજનીકાંતે એક ટ્વીટ કરી કહ્યું કે તેઓ ૩૧ ડિસેમ્બરના રોજ પોતાની રાજકીય પાર્ટીની જાહેરાત કરશે. એટલે કે તેમની પાર્ટી જાન્યુઆરીમાં લોન્ચ થશે.

આની પહેલાં સોમવારના રોજ રજનીકાંતે પોતાની પાર્ટી રજની મક્કલ મંદરમના જિલ્લા સચિવો સાથે મુલાકાત કરી હતી અને કહ્યું હતું કે તેઓ ટૂંક સમયમાં જ પોતાની રાજકીય ઈનિંગ્સ શરૂ કરવા અંગે માહિતી આપશે. તેમણે જિલ્લા સચિવોની સાથે આ મીટિંગ ત્યારે કરી હતી જ્યારે તેમના સમર્થકો એ તેમને ચૂંટણી રાજનીતિથી દૂર રહેવાની સલાહ આપી હતી.

તાજેતરમાં જ તામિલનાડુના વેલ્લોર જિલ્લામાં રજનીના પોસ્ટર સામે આવ્યા હતા. તેમાં તેમણે રાજનીતિથી દૂર રહેવાના નિર્ણય પર ફરી વિચાર કરવાનો આગ્રહ કર્યો હતો. આવું જ એક પોસ્ટર 'વેલ્લોર સિટિજન્સ વિશિંગ ફોર અ ચેન્જ'નું સામે આવ્યું હતું. જો કે વિચાર-વિમર્શ બાદ તેમણે રાજકીય પાર્ટીની જાહેરાત કરવાનો નિર્ણય કર્યો છે.

# પંજાબના પૂર્વ મુખ્યમંત્રી બાદલે પદ્મ વિભૂષણ એવોર્ડ પાછો આપ્યો

નવી દિલ્હી, તા. ૩

કૃષિ કાયદાની વિરૂદ્ધ દેશમાં ખેડૂતોનું આંદોલન



વધી રહ્યું છે. તેની સાથ જ એવોર્ડ વાપસીનો સિલસિલો પણ શરૂ થઈ ગયો છે. પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અને સિનિયર અકાલી દળના નેતા પ્રકાશસિંહ બાદલે કૃષિ કાયદાના વિરોધમાં તેમનો પદ્મ વિભૂષણ એવોર્ડ પાછો આપી દીધો છે. પ્રકાશિ સિંહ બાદલ બાદ હવે અકાલી દળના નેતા રહેલા સુખદેવ સિંહ ઢીંઢસા એ પણ પોતાનું પદ્મ ભૂષણ સમ્માન પાછું આપવાની વાત કહી.

પ્રકાશસિંહ બાદલે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને લગભગ ત્રણ પાનાનો પત્ર લખ્યો હતો, જેમાં કૃષિ કાયદાઓનો વિરોધ કર્યો, ખેડૂતો પર કાર્યવાહીની નિંદા કરી અને તેમનું સન્માન પાછું આપવામાં આવ્યું.

# યુનો દ્વારા ભાંગને દવા તરીકે માન્યતા આપવામાં આવી

**યુનોમાં મતદાન થયું, ભારત-પાકે વિરોધ કર્યો**

સંયુક્તરાષ્ટ્ર, તા. ૩

સંયુક્ત રાષ્ટ્રસંઘ માં થયેલા ઐતિહાસિક મતદાન બાદ ભાંગને આખરે એક દવા તરીકેની માન્યતા આપવામાં આવી છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના નિષ્ણાતોની ભલામણ બાદ સંયુક્ત રાષ્ટ્રએ આ નિર્ણય કર્યો છે. સંયુક્ત રાષ્ટ્રના માદક પદાર્થ આયોગે ભાંગને એ ડ્રગ્સની યાદીમાંથી હટાવી દીધી છે જેમાં હેરોઈન જેવા ખતરનાક ડ્રગ્સ પણ સામેલ હતા. આ લિસ્ટમાં એ તમામ ડ્રગ્સને રાખવામાં આવે છે જે ઘણા જ એડિક્ટિવ છે, માણસોના સ્વાસ્થ્ય માટે ઘણા ખરાબ હોય છે અને જેમના મેડિકલ ફાયદા ઘણા ઓછા અથવા ન બરાબર હોય છે. હવે આ લિસ્ટમાંથી ભાંગને હટાવી દેવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

## રાંધણ ગેસના ભાવમાં વધારો

નવી દિલ્હી, તા. ૩

કોરોના મહામારી વચ્ચે છેલ્લા કેટલાક દિવસથી પેટ્રોલ અને ડિઝલના ભાવમાં રોજેરોજ કમ્મરતોડ વધારો નોંધાઈ રહ્યો છે ત્યાં હવે એલપીજી ગેસ સિલિન્ડિરના ભાવમાં વધારો થયો છે. આ ભાવ વધારાના કારણે લોકોના રસોડા પર પણ ગંભીર અસર પડશે. પાંચ મહિના બાદ આ ભાવ વધારો ઝિંકવામાં આવ્યો છે. દેશભરમાં સબસિડી વિનાના એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં એક જ સાથે રૂપિયા ૫૦નો વધારો ઝિંકવામાં આવ્યો છે. આઈઓસીએ ડિસેમ્બર માટે ગેસના ભાવ જાહેર કરી દીધા છે.




